www.jigarpublicity.com
Industrial Directory Publisher
Jhgadia, Dahej, Panoli, Nandesari (Padra), Saykha, Vilayat, Dahej & Narmadanagar
Jigar Publicity
jigarpublicity@gmail.com |+91 9998980519

બર્ડ વ્યૂ ઓફ ઈન્ડસ્ટ્રીઝ
BIRD VIEW OF INDUSTRIES
તંત્રી : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ
EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL
(ગુજરાતી પાક્ષિક વર્તમાનપત્ર)
(Gujarati Fortnightly Newspaper)
VOLUME : 16 ISSUE : 19 DATE: 01- 01 -2025 (વિક્રમ સંવત ૨૦૮૧ પોષ સુદ બીજ) PAGES : 4 Retail Price Rs: 3/- RNI NO: GUJGUJ/2009/28249
OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR-2, DIST: BHARUCH (9998980519)
www.birdviewofindustries.com Email: birdviewofindustries@gmail.com Post Reg. No: G2/RNP/BCH/126/2024-2026

# એથર ઈન્ડસ્ટ્રીઝે ગુજરાતના ભરૂચમાં સૌર ઉર્જા પ્રોજેક્ટ લોન્ચ કર્યો

એથર ઈન્ડસ્ટ્રીઝે કેપ્ટિવ પાવર પ્રોડ્યુસર (CPP) સેગમેન્ટ હેઠળ અદ્યતન ઓટો-ટ્રેકર મોડ્યુલ્સનો ઉપયોગ કરીને ગુજરાતના ભરૂચ જિલ્લામાં ૧૫ મેગાવોટનો સોલાર પાવર પ્રોજેક્ટ સફળતાપૂર્વક શરૂ કર્યો છે. KPI ગ્રીન એનર્જીની પેટાકંપની કેપીઆઈજી એનર્જિયા સાથે ભાગીદારીમાં વિકસિત આ પ્રોજેક્ટ હવે સંપૂર્ણ રીતે કાર્યરત છે.

અત્યાધુનિક ઓટો-ટ્રેકર મોડ્યુલ્સ સમગ્ર દિવસ દરમિયાન સૂર્યના માર્ગ સાથે તેમના સંરેખણને સમાયોજિત કરીને, ઊર્જા કાર્યક્ષમતા અને સતત પાવર આઉટપુટને સુનિશ્ચિત કરીને ઊર્જા ઉત્પાદનને મેળવવા માટે ડિઝાઇન કરવામાં આવ્યા છે.

આ નવીન સૌર સ્થાપન એથર ઈન્ડસ્ટ્રીઝની ટકાઉપણાની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે અને તેના પર્યાવરણીય, સામાજિક અને શાસન (ESG) લક્ષ્યો સાથે સંરેખિત કરે છે. સૌર સુવિધા તેના કાર્બન ફૂટપ્રિન્ટને નોંધપાત્ર રીતે ઘટાડીને, ૧૫ કરોડથી વધુની નોંધપાત્ર વાર્ષિક ઉર્જા ખર્ચ બચત પેદા કરશે તેવી અપેક્ષા છે.

આ સીમાચિહ્ન ઉપરાંત, ઑક્ટોબરમાં એથર ઈન્ડસ્ટ્રીઝે SEQENS ગ્રુપની સંપૂર્ણ માલિકીની પેટાકંપની ઝરીર્દ્ટઅ ઈન્ટરનેશનલ સાથે મોટા કરારની જાહેરાત કરી હતી.

આ ત્રણ વર્ષના કરાર હેઠળ, એથર ઈન્ડસ્ટ્રીઝ માત્ર SEQENS માટે કુદરતી બાયો-આધારિત ઉત્પાદનોનું ઉત્પાદન કરશે. કોન્ટ્રાક્ટમાં વાર્ષિક ૧૦૦ ટનથી વધુ ઉત્પાદન માટે કહેવામાં આવ્યું છે અને આગામી ૧૦ મહિનામાં કામગીરી શરૂ થવાની ધારણા છે.

સોલાર પાવર પ્રોજેક્ટનું કમિશનિંગ તેના રિન્યુએબલ એનર્જી પોર્ટફોલિયોને મજબૂત બનાવશે, જ્યારે સિક્વન્સ સાથેની ભાગીદારી પર્યાવરણને અનુકૂળ બાયો-આધારિત ઉકેલો પ્રદાન કરવાની તેની ક્ષમતાને પ્રકાશિત કરે છે.

# જીઆઈડીસી હવે ત્રણેય કેટેગરીમાં વિકાસ પ્રમાણે જંત્રીના દર નક્કી કર્યા

ગુજરાત સરકાર દ્વારા ઔદ્યોગિક વસાહતોને જમીન ફાળવણીમાં થતા વિલંબ અને ભાવફેરને નિયંત્રિત કરવા માટે જીઆઈડીસી જમીન ફાળવણીની નીતિમાં સુધારો કરવામાં આવ્યો છે.

જીઆઈડીસીએ ત્રણ વિભાગ પાડીને પછાત વિસ્તારમાં જંત્રીના ભાવ, મધ્યમ વિકસિત વિસ્તારમાં જંત્રીના સવા ગણા અને ઔદ્યોગિક ઝોનમાં જંત્રીના દોઢ ગણા લેખે જમીન ફાળવવા નું નક્કી કર્યું છે.

ઔદ્યોગિક વિકાસ પ્રમાણે રાજ્યના વિવિધ વિસ્તારના ત્રણ કેટેગરી નક્કી કરીને પ્રવર્તમાન ઔદ્યોગિક જંત્રીના ગુણોત્તર પ્રમાણે ભાવ લેવાનું નક્કી કરાયું છે.

કેટલીક જગ્યાએ જમીનના ભાવ વધારે હોવાથી ઉદજયોગકારો જીઆઈડીસી બહાર ઉદ્યોગો સ્થાપવા માટે આકર્ષાય છે. તે સ્થિતિને ટેલવા માટે પણ આ પ્રયાસ થઈ રહ્યો છે.

રાજ્ય સરકાર દ્વારા જીઆઈડીસી સરકારી પડત જમીન ફાળવવામાં આવે છે. આ જમીન ફાળવતા પહેલા જિલ્લાની જમીન મૂલ્યાંકન સમિતિ ભાવ નક્કી કરે છે. તેના આધારે જમીન ફાળવવામાં આવતી હતી.

પરંતુ તેમાં વિસંગતતા રહેતી હોવાની ફરિયાદ સરકારને મળી હતી.

રાજ્ય સરકારે કેટેગરી-૧-માં ઔદ્યોગિક રીતે પછાત ગણાતા ૧૧૯ તાલુકાના જીઆઈડીસી પ્રવર્તમાન ઔદ્યોગિક જંત્રીના દર જમીન ફાળવવા નું નક્કી કર્યું છે. જ્યારે કેટેગરી-૨ ની ૭૬ તાલુકાના મધ્યમ વિકસિત ૧૨૫ ટકાના દરે અને કેટેગરી-૩ માં ૫૬ તાલુકાના વિકસિત જીઆઈડીસી ૧૫૦ ટકાના દરે જમીન ફાળવાશે.

# સજ્જન ઈન્ડિયા હવે કોહિઝન લાઈફ સાયન્સ તરીકે ઓળખાશે

સજ્જન ઈન્ડિયા લિમિટેડે તેની નવી બ્રાન્ડ ઓળખ જાહેર કરી છે અને હવે તેને કોહિઝોન લાઈફ સાયન્સ લિમિટેડ તરીકે ઓળખવામાં આવશે.

આ નવી ઓળખ ગતિશીલ, ટેક્નોલોજી-સંચાલિત CDMO તરીકે કંપનીના નોંધપાત્ર ઉત્ક્રાંતિને પ્રતિબિંબિત કરે છે, જે તેની સફળતા અને તેના ગ્રાહકો અને ભાગીદારોની સતત વૃદ્ધિ માટે પ્રતિબદ્ધ છે.

ઉચ્ચારણ 'કો-હી-ઝોન' (ક્ષિતિજની જેમ), નવી બ્રાન્ડ ઓળખ બે આવશ્યક ખ્યાલોને પ્રતિબિંબિત કરે છે: 'સંકલન', જે ભાગીદારી માટે પ્રતિબદ્ધતા દર્શાવે છે અને 'ક્ષિતિજ', જે કંપની ગ્રાહકોને ઓફર કરી શકે તેવી અમર્યાદ શક્યતાઓનું પ્રતિનિધિત્વ કરે છે ભાગીદારો સાથે મળીને અન્વેષણ કરી શકો છો. નામમાં કાર્બન, ઓક્સિજન અને હાઇડ્રોજન (COH) જેવા મહત્વપૂર્ણ જીવન આપનારા તત્વો પણ છે.

આજે, કોહિઝોન એગ્રોકેમિકલ્સ, ફાર્માસ્યુટિકલ્સ, સ્પેશિયાલિટી કેમિકલ્સ, ફોટો-ઈનિશિએટર્સ, પોલિમર એડિટિવ્સ અને ઈલેક્ટ્રોનિક કેમિકલ્સ જેવા સેક્ટરમાં પ્રોડક્ટ લાઈફસાઈકલમાં વ્યાપક CDMO સેવાઓ પૂરી પાડીને સક્રિય, વિશ્વસનીય અને ગ્રાહક-કેન્દ્રિત CDMO તરીકે ઊભું છે.


Looking POTENTIAL FOR INVESTOR
Pharma Future!
Medikament Pharma Seeks Strategic Investors For Our API & Intermediates Plant, Equipped With Cutting-Edge Technology.
• Investment Opportunity: Up To ₹ 26.70 Cr
• Prime Location: Near Bharuch, Gujarat - A Major Pharma Hub
Murtuza Vasan: (+44) 7545489894, (+91) 93130 62858
medikamentpharma@gmail.com
www.medikamentpharma.com
Medikament Pharma

M :- 098252 75080, 094277 06485
A-ONE CONSULTANTS
EXPLOSIVE CONSULTANTS & SOLVENT CONSULTANTS
Email :- aoneconsultant@yahoo.com Web :- www.explosivelicenseconsultant.com
Contact For Following Licenses
(1) Methanol Consultant
(2) Ethanol Consultant
(3) Poison Licence
(4) Sulphur Licence
(5) Chlorate Licence
(6) Explosive Licence
(7) PESO Licence
(8) Solvent Consultant
(9) MSME Registration
(10) IEM from Delhi
(11) APP certificate From Gandhinagar (Annual Production Program from I.C. Office Gandhinagar for Ethanol)
We Provide Professional Services to aquiring PESO / Explosive Licence/ MA-1 & MA-2 Licence /Poison Licence/APP From Gandhinagar/ Methanol & Ethanol Licence / Sulphur Licence From Concern Dept.
-: Branch office :-
145, DREAMZ, A Buisness Park, At & Post. Vaillage Amadara, Dahej Bharuch High way, Bharuch (DIST-BHARUCH)
-: Registered office & Administration office :-
ADD.: 220, Panchratna Bldg, Char Rasta, G.I.D.C. VAPI - 396 195 (DIST-VALSAD)
Email : aoneconsultant@yahoo.com. Web : www.aoneconsultants.com. (M) 9825275080, 9427706485













CoolLine 50 YEARS of EXCELLENCE inairconditioningindustry since1971
"stay COOL, CALM and COLLECTED"
CoolLine
CoolLine.Agency.Pvt..Ltd.
H.O. : 101-102-103, Slok Business Center, Nr. Apple Hospital, Udhna Darwaja, Surat-395002. Ph. 70964 11111, 70968 11111
B.O. : B 20, 21 Ground Floor, Alpha ArcadeOpp Apex Hotel, Mipco Circle Bharuch - 392001| Gujarat | India |02642-247225
B.O. : 8 & 9, Abhishek Complex, Nr. Blue Lagun Restaurant, Akshar Chowk, Old Padra, Road, Vadodara-390015
Email : coollinebharuch@gmail.com | bharuch@coolline.co.in | mukunddeputy2018@gmail.com | Web : www.coolline.co.in



# તંત્રીલેખ

## મહેસાણા જિલ્લા મિત્ર મંડળે એક રહેંગે તો સેફ રહેંગે સૂત્રને ચાર દાયકા પહેલા અપનાવીને નવો રાહ ચીંધ્યો છે

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ×એક રહેંગે તો સેફ રહેંગે '' આપેલું સૂત્ર તેમને તો હમણાં હમણાં આપ્યું. તેમના વડવાઓ મહેસાણા જિલ્લાના વડીલોએ આ સૂત્રનો અમલ ચાર દાયકા પહેલા કર્યો હતો ''

મહેસાણા જિલ્લા મિત્ર મંડળની ખાસિયત એ છે કે તેમાં નાતજાતના ભેદભાવ વગર સૌને સભ્ય તરીકે પ્રવેશ અપાય છે. ત્યારપછી પણ સૌને એકસરખું મહત્વ આપવામાં આવે છે. આમ તો મહેસાણા જિલ્લા મિત્ર મંડળની સ્થાપના ૧૯૭૮ ના અરસામાં થઇ. ત્યારે એક વૃક્ષની નીચે બેસીને પ્રથમ સભા થઇ હતી. તેવું વડવાઓ કહે છે. એટલેકે આંગળીના વેઢે ગણી શકાય એટલા સભ્યો હતા. તેમાં એવું નક્કી કરાયું કે મહેસાણા જિલ્લાનો કોઈપણ વ્યક્તિ જે નોકરી ધંધા અર્થે ભરૂચ જિલ્લામાં આવ્યો હોય તે આ મંડળનો સભ્ય બની શકે. નાતજાતનો કોઈ ભેદભાવ નહીં . તે વખતની વાત કરીએ તો તે વખતના સમયમાં જ્ઞાતિવાદ બહુ ચુસ્ત હતો. તેવા સમયે આ નિર્ણય લેવાયો હતો. જે ખુબ મોટી સરાહનીય બાબત કહી શકાય.

ત્યારે મહેસાણા જિલ્લો ખૂબ વિસ્તરેલો હતો. પરંતુ ૧૯૯૯ ની આસપાસ શંકરસિંહ વાઘેલા મુખ્યમંત્રી બન્યા ત્યારે તેમને કેટલાક જિલ્લાઓને ભાગ પાડ્યા . જેમાં મહેસાણા જિલ્લાના મહેસાણા, પાટણ અને કેટલોક ભાગ ગાંધીનગર જિલ્લામાં વહેંચવામાં આવ્યો. આથી સભ્યો તો અગાઉ બની ગયા હતા. તેથી તે વિસ્તારોને યથાવત રાખ્યા. જેથી આ વિસ્તારના લોકોને સમાવવાનું નિર્ધારિત રહ્યું. સાથે સાથે ભરૂચ જિલ્લાના પણ ભરૂચ અને નર્મદા જિલ્લો આમ બે ભાગ પડ્યા. આ રીતે પોતાના વતનમાંથી નોકરી ધંધા અર્થે આવીને ભરૂચ જિલ્લામાં સ્થાઈ થયેલ લોકો તેના સભ્યો બને છે. અત્યારે તેની સભ્ય સંખ્યા ૩૩૦૦ ઉપરાંત જેટલી છે. દિવસે દિવસે આ સંખ્યામાં સતત વધારો થઇ રહ્યો છે.

નોકરી ધંધા અર્થે આવેલ લોકોને શરૂઆતના સમયમાં આ વિસ્તરામાં પોતાનું કોણ એવો પ્રશ્ન થાય છે, તેમને હૂંફ અને માનસિક રક્ષણ આપવાનું કામ આ સંસ્થા દ્વારા થાય છે.

જો કે એક વાત ખાસ નોંધવી રહી કે હિન્દૂ સમાજમાં શહેરોમાં જ્ઞાતિ પ્રથા તોડવાનું કામ જેટલું અસરકારક રીતે થયું છે, તેટલું ગામડામાં જ્ઞાતિ પ્રથા તોડવાનું કામ ઝડપ નથી પકડી રહ્યું, સમય જ નેનો ઉકેલ છે. જો કે ઝડપથી બધું બદલાઈ રહ્યું છે.

અત્યારે લોકોના મમનમાં જ્ઞાતિ પ્રથા ઝડપથી હટે તેવી ભાવના છે પરંતુ સૌ તે સ્થતિને જોવા માંગે છે કોઈ પોતાનાથી શરૂઆત કરવા નથી માગતું. આવા સમયે મહેસાણા જિલ્લા મિત્ર મંડળ જેવી સંસ્થાઓ ઉત્તમ ઉદાહરણ બની શકે છે. બીજા જિલ્લાના લોકોએ પણ એમાંથી પ્રેરણા લઈને આવી સંસ્થાઓ ઉભી કરવી જોઈએ.

એક વસ્તુ ખાસ જોવામાં આવ્યું છે કે આવી સંસ્થાઓમાં ઝગડાનું મૂળ સંસ્થાનું નાણાં ભંડોળ હોય છે. શરૂઆતથી લઈને હમણાં સુધી આવી રીતે આયોજન કરાયું કે સંસ્થા જરૂરી ભંડોળ જ ભેગું કરે, તેને મોટેભાગે વર્ષમાં જેટલો ખર્ચો કરવાનો હોઈ તેના પ્રમાણમાં જ ભંડોળ એકત્ર કરવામાં આવે. જેનો સીધો ફાયદો એ થાય છે કે કે ભંડોળને લઈને લઈને ઉભા થતા પ્રશ્નો નિવારી શકાય છે.

ખાસ કરીને હિન્દૂ ધર્મ અંશે જાતિઓના વાડાઓમાં વહેંચાયેલો છે, તેને લઈને તેની તાકાત છિન્નભિન્ન થઇ જાય છે. તેને જોડાવા માટે શું કરવું જોઈએ તે પાયાનો પ્રશ્ન છે. ખરેખર દરેક જિલ્લાએ આવા સંગઠનો બનાવવા જોઈએ. ખાસ તો નાના નાના શહેરોમાં આવા સંગઠનો બનાવવા જોઈએ. જે આગળ જતા ખુબ મોટું કાર્ય બની શકે છે. એકતા લાવવા માટે આનાથી સચોટ કોઈ બીજું ઉદાહરણ ના મળી શકે.

કુંભ મેળાની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. સંતો દ્વારા ૩૫૦ પાનાંની હિન્દૂ આચારસંહિતા તૈયાર કરવામાં આવી છે. સમાજમાં ભેદભાવ દૂર કરવા માટે જ્ઞાતિ હીન સમાજની રચના પર ભાર મુકાયો છે. બદલાતા સમયની આ માંગ છે અને તેને મનમાં ઉતારી અમલ કરવો બહુ જરૂરી છે.

India's one of the largest, innovative & industry useful startups
PharmaCupboard.com
invites you to buy
Excess / Surplus Inventory
at reasonable discounted price
- API
- Intermediates
- Chemicals
- Solvents
- Excipients
- Packing
- Flavours
- Catalysts
- By products
625+ MT materials sold
+91 - 63525 38032
care@pharmacupboard.com
Rajshree Business InnoMarketing Pvt Ltd
201, Maryland Complex, Old Padra Road, Vadodara - 390015
www.pharmacupboard.com

# PM ઓફિસને દહેજ PCPIR ના સાયખા, વિલાયત તેમજ દહેજ GIDCમાં પ્લોટની ફાળવણીમાં ભ્રષ્ટાચારની ફરિયાદ સામે તે જ ખાતાને તપાસ સોંપતા નારાજગી

ભરૂચ જિલ્લામાં કાર્યરત દહેજ PCPIR માંસાયખા, વિલાયત અને દહેજ GIDCમાં વ્યાપક ભ્રષ્ટાચાર થયાના વહીયાલના ખેડૂત અગ્રણી અજીતસિંહ રાજે પીએમ ઓફિસમાં પત્ર લખીને આક્ષેપો કરતા તેના ઘેરાપ્રત્યાઘાતો પડ્યા છે. અધૂરામાં પૂરું આ કૌભાંડની તપાસમાં જેની સામે કૌભાંડનો આરોપ છે તે વિભાગને જ તાપસ સોંપતા લોકોને આશ્ચર્ય થયું છે.

વડાપ્રધાનને પાઠવેલા પત્રનાઅનુસંધાને GIDC વડી કચેરી દ્વારા જ તપાસ આરંભી અરજદારને સહી વગરનો પત્ર પાઠવી બોલાવતા શંકા વ્યક્ત કરી હતી. આ અંગેની અરજદારે વાગરા ખાતે પ્રેસ વાર્તા કરી GIDCમાં થયેલા ભ્રષ્ટાચારની તટસ્થ તપાસની માંગ કરી હતી.

દહેજ PCPIR માં સાયખા, વિલાયત અને દહેજ GIDCમાં કાયદાની આંટીઘૂંટીમાં ભ્રષ્ટાચાર થયો હોવાની ફરિયાદ પીએમ ઓફિસમાં કરતા આ અંગે ગાંધીનગર હૈડ્ક્વાર્ટર વડી કચેરીએ પી.એમ.ને લખેલો પત્ર સામે તપાસ આરંભી હતી. કચેરીએ અરજદારની સહી વિનાનો પત્ર પાઠવી વડી કચેરીએ આધાર પુરાવા આવવા લઈ ફરમાન કર્યું હતું. GIDCના જાવક નંબર વિનાના અને સહી વિનાનો પત્ર પાઠવતા અરજદારે આ પત્રને સાચો ગણવો કે કેમ તે સામે સવાલો ઉભા કરી તપાસ ખોટી દિશામાં જતી હોવાના આક્ષેપો કર્યા હતા.

GIDC માં પ્લોટફાળવણી પ્રક્રિયામાં સેચ્યુરેટેડઝોન હોય ત્યાં પ્લોટ મેળવવા માંગતા અરજદારોએ અરજી કરવાની હોય છે અને તેઓને હરાજી દ્વારા એલોટ કરવાના હોય છે. જેટલી હરાજી ઊંચી આવે એટલી રાજ્ય સરકારની તિજોરીમાં વધારો થાય પરંતુ એમ.ડી એ એક વખત જેને સેચ્યુરેટેડ ઝોન જાહેર કર્યું હતું તેનેઅનસેચ્યુરેટેડ ઝોનમાં ફેરવી દઈ પોતાના માનીતાઓનેસસ્તા પ્લોટની ફાળવણી કરી લ્હાણી કરી છે. જયારે રાજ્ય સરકારની તિજોરીને કરોડો રૂપિયાનું નુકસાન કરી મોટો ભ્રષ્ટાચાર કર્યો છે તેવા આક્ષેપ સાથેઅરજદારે નિષ્પક્ષ તપાસ કરવા માટે પુનઃ વડાપ્રધાનને પત્ર પાઠવ્યો છે.

જયારે મનમોહનસિંહ વડાપ્રધાન હતા ત્યારે હાઈવે ઓથિરીટી સામે તે જ વિભાગમાં નોકરી કરતા એક યુવાને હાઈવે ઓથોરીટીમાં મોટા પાયે ચાલતા ભ્રસ્ટાચાર સામે સાબિતી સાથેનો પત્ર લખીને પીએમ ઓફિસને તેની જાણ કરી હતી. પીએમ ઓફિસે તે પત્ર હાઈવે ઓથોરિટીના અધિકારીઓને આપીને તપાસ કરવા જણાવ્યું હતું. પરિણામ એ આવ્યું હતું કે યુવાને જાનથી હાથ ધોવા પડ્યા હતા.

# દીપક ફાઉન્ડેશન દ્વારા મોબાઈલ મેમોગ્રાફી યુનિટ-સ્તન કેન્સરની પ્રારંભિક તપાસનો શુભારંભ કરાયો




ભરૂચ- ૨૩ મી ડિસેમ્બરે આદિજાતી વિકાસ, શ્રમ અને રોજગાર, ગ્રામ વિકાસ વિભાગના મંત્રી કુંવરજીભાઈ હળપતીના હસ્તે ભરૂચની હોટલ હયાત ખાતે સીએસઆર પ્રોજેક્ટ અંર્તગત દીપક ફેનોલિક્સ લીમીટેડના અનુદાનમાંથી દિપક ફાઉન્ડેશન દ્વારા મોબાઈલ મેમોગ્રાફી યુનિટને લીલી ઝંડી આપી કાર્યરત કરવામાં આવ્યું હતું. આજકાલ કેન્સરનું પ્રમાણ ખુબ વધી ગયું છે. જેટલા કેન્સરના કેસ થાય છે તેમા, સ્તન કેન્સરનો હિસ્સો ૨૫ જેટલો છે. આ બહુ ગંભીર બાબત છે. ગુજરાતમાં પણ આ જ સ્થિતિ છે. આને ધ્યાને લઈને દીપક ફાઉન્ડેશને સ્તન કેન્સરના ચકાસણી કરવાનું કાર્ય ઉપાડ્યું છે. આ પ્રોજેક્ટ માટે કંપનીએ ૯૦ લાખ જેટલો ખર્ચ કર્યો છે અને મહિલાઓના સ્તન કેન્સરના નિદાનનો સતત ખર્ચો ઉપાડશે.

આ પ્રસંગે, મંત્રી કુંવરજીભાઈ હળપતીએ પ્રસંગને અનુરૂપ પ્રેરણાસભર વાત કરતા કહ્યું કે, પ્રધાનમંત્રી દેશની તમામ મહિલાઓના આરોગ્યની ચિંતા કરી અનેક જનકલ્યાણકારી યોજનાઓ કાર્યરત કરી છે. આરોગ્ય સેવાઓ વધુ સુદ્રઢ અને લોકઉપયોગી બની રહે તે માટે અનેક પ્રયાસો થઈ રહ્યા છે. વંચિતો સહિત છેવાડાના જન સુધી આયુષ્યમાન કાર્ડ યોજના રામબાણ સાબિત થઈ રહી છે. લોકોને કેન્સર સામે આયુષ્યમાન યોજના આરોગ્યનું કવચ બની છે.

વધુમાં, તેમણે કહ્યું કે, આજના સમયે કેન્સરનું પ્રમાણ કેમ આટલું વધી રહ્યું છે તે પણ વિચારવું જેવું છે ત્યારે આજની આધુનિક જીવનશૈલી અને ખોરાક પણ તેના મહત્વના પરિબળો છે. ત્યારે પ્રાકૃતિક ખેતી અને તેની ઉપજોનો આહારમાં વધુને વધુ ઉપયોગ કરવો જોઈએ જે તંદુરસ્ત જીવન સહિત કેન્સર સામે રક્ષણ પુરૂ પાડશે.

તેઓએ , મોબાઈલ મેમોગ્રાફી યુનિટની આ પહેલ માટે દીપક ફાઉન્ડેશના તમામ સદસ્યોને અભિનંદન પાઠવ્યા હતા. ભરૂચના અંતરિયાળ વિસ્તારની મહિલાઓ માટે સ્તન કેન્સર સ્કેનિંગની શોધ અને નિદાનની અસકકારક સારવાર માટે પ્રારંભિક તપાસ ખૂબ મહત્વપૂર્ણ છે. અને આ પહેલ સ્તન કેન્સર તેના પ્રારંભિક તબક્કામાં ઓળખીને જીવન બચાવવામાં મહત્વ પૂર્ણ ભૂમિકા ભજવશે.

ભરૂચના ધારાસભ્ય રમેશભાઈ મિસ્ત્રીએ જણાવ્યું હતું કે ૪૨ વર્ષથી આ સંસ્થા સેવાકીય કર્યો કરી રહી છે તે બદલ તેની પ્રશંષા કરી હતી. તેમને જણાવ્યું હતું કે સરકાર પહોંચી ના વળે તેવા સ્થાનોએ સરકારના બદલામાં કંપનીઓ દ્વારા વ્યવસાય સાથે કંપનીઓ આવી સેવાકીય પ્રવૃતિઓ કરે છે. તે સરાહનીય છે. આ કાર્યને વધારે અસરકારક રીતે કરવા માટે મહિલાઓ દ્વારા ચાલતા દ્દઈ અને સામાજિક સંસ્થાઓનો સહયોગ લેવો જોઈએ. ભરૂચ જિલ્લામાં ૧૦૦ જેટલી જગ્યાએ રાજ્ય સરકાર દ્વારા યોગ શિબીરો ચાલે છે. તેમાં મોટાભાગે મહિલાઓ સંચાલન કરે છે.

વાગરાના ધારાસભ્ય અરૂણસિંહ રણાએ જણાવ્યું હતું કે દીપક ફાઉન્ડેશન દ્વારા વર્ષોથી શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે સારું કામ થઇ રહ્યું છે. કેન્સરનું ગરીબ પરિવારો પણ સમયસર નિદાન કરી શકે તે માટે દિપક ફાઉન્ડેશનનું આ કામ સરાહનીય છે. તેમાંથી પ્રેરણા લઇ બીજી કંપનીઓ પણ ગુજરાતમાં આ કાર્ય ઉપાડશે તેવી આશા વ્યક્ત કરી હતી.

જંબુસરના ધારાસભ્ય ડી.કે. સ્વામીએ જણાવ્યું હતું કે દીપક ગ્રૂપના નામ તેવા ગુણ છે.રાજયમાં અને દેશમાં બહેનોની બહુ જ ચિંતા કરવામાં આવી રહી છે. તેમના માટે આ સુવિધા ઉભી કરવામાં આવી તે સારી બાબત છે.

કાર્યક્રમના પ્રારંભે દીપક ફાઉન્ડેશનના નાયબ નિયામક ડૉ. આકાશકુમાર લાલે ફાઉન્ડેશની વિવિધ ક્ષેત્રે થઈ રહેલી કામગીરીનો ચિતાર રજૂ કર્યો હતો. અંતમાં, ઉપસ્થિત તમામ મહાનુભાવોએ મોબાઈલ મેમોગ્રાફી યુનિટનું નિરિક્ષણ કર્યું હતું અને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યુ હતુ.

અત્રે ઉલ્લેખનિય છે કે, મોબાઈલ મેમોગ્રાફી યુનિટ સીએસઆર પ્રોજેક્ટને દીપક ફેનોલિક્સ લીમીટેડ દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવ્યું અને દીપક ફાઉન્ડેશન દ્વારા તેને અમલમાં મૂકવામાં આવેલ છે.

ભરૂચ જિલ્લાના વંચિત સમુદાયોમાં પ્રારંભિક સ્તન કેન્સરની શોધ અને નિદાનને સુધારવાના હેતુથી એક મહત્વપૂર્ણ આરોગ્ય સંભાળની પહેલ છે. આ મોબાઈલ યુનિટ અંતરિયાળ વિસ્તારોમાં આવશ્યક નિદાન સેવાઓ પૂરી પાડશે. આમ મોબાઈલ મેમોગ્રાફી યુનિટ મહિલાઓને તેના પ્રારંભિક તબક્કામાં સ્તન કેન્સરને શોધી કાઢવાની ક્ષમતા સાથે સશક્તિકરણ પણ કરશે.

# મહેસાણા જિલ્લા મિત્ર મંડળની વાર્ષિક સામાન્ય સભા યોજાઈ ગઈ








તારીખ ૨૨મી ડિસેમ્બરે ભરૂચનાનર્મદા કિનારે આવેલ નિલકંઠેશ્વરમહાદેવના મંદિરના પ્રાંગણમાં મહેસાણા જિલ્લા મિત્ર મંડળ અંકલેશ્વર ભરૂચની વાર્ષિક સામાન્ય સભા યોજાઈ ગઈ. જેમાં મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો. જેમાં ઈનામ વિતરણ, સાંસ્કૃતિક કાર્યક્રમ અને નવી કમિટીની રચના કરવામાં આવી હતી.

કાર્યક્રમમાંમાહિતી આપવામાં આવી હતી કે મહેસાણા જિલ્લા મિત્ર મંડળ અંકલેશ્વર ભરૂચમાં અત્યાર સુધી ૩૩૦૦ ઉપરાંતસભ્યોની નોંધણી થઇ છે.આ મિત્રમંડળની ખાસિયત એ છે કે તેમાં સર્વ જ્ઞાતિના લોકો નાતજાતના ભેદભાવ વગર જોડાઈ શકે છે. મહેસાણા, ગાંધીનગર અને પાટણ જિલ્લાના નોકરી ધંધા અર્થે આવેલ લોકો તેમાં જોડાયેલ છે.

સભાનાપ્રમુખ તરીકે ૯૩વર્ષના નાથાભાઈ ચૌધરીએ સ્થાન શોભાવ્યું હતું.તેમને તેમનો અનુભવ ટાંકતાકહ્યું હતું કે ઘરમાં રહેવાનો કંટાળો આવે અને બહાર જવાની ઈચ્છા ના થાય ત્યારે સમજવું કે ઘડપણ આવી ગયું છે.પડ્યુંરહેવાથી ગમે તેવી વસ્તુને કાટલાગી જાય છે. તેમને લાંબાજીવન માટે હંમેશા કાર્યરત રહેવાની શિખામણ આપી હતી.

મહેસાણા જિલ્લા મિત્ર મંડળની શરૂઆત ૧૯૭૮ માં કરવામાં આવી હતી. એકમસંખ્યામાં ગણી શકાય તેટલા સભ્યોથી તેની શરૂઆત થઇ હતી. આજે તે વિશાળવટવૃક્ષ બનીને ૩૩૦૦ ઉપરાંત સભ્યો થઇ ગયા છે. સંસ્થાની બહેનો દ્વારા સંગીની ગ્રુપ ચલાવવામાં આવે છે. તેમાં અનેકસેવાકીય કાર્યો કરવામાં આવે છે. દર વર્ષે ક્રિકેટ ટૂર્નામેન્ટતેમજ અન્ય રમતોની હરીફાઈસાથે સ્પોર્ટ્સદિવસની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષથી મહિલા ક્રિકેટનો પણ રમતોમાં સમાવેશ કરવામાં આવ્યો છે. દર વર્ષે દશેરાના દિવસેમાનવ મંદિર ખાતે સ્નેહમિલનનું આયોજન કરવામાં આવે છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓને સસ્તાભાવે નોટબૂક ચોપડા મળી રહે તે માટે નોટબુકચોપડાનું વિતરણ કરવામાં આવે છે. દરવર્ષે સમાજને સારો સંદેશ આપે તેવા નાટકનું પણ આયોજન કરાય છે. આ ઉપરાંત અનેક નાનામોટા સામાજિક કર્યો કરવામાં આવે છે.

મુખ્ય મહેમાન તરીકે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના પ્રણેતા અને ફાઉન્ડર મેમ્બર આર.પી. પટેલે તેમના વ્યક્તવ્યમાં હિન્દૂ સમાજે નાતજાતના વાડાતોડીને એક થવા હાકલ કરી હતી. મેહસાણામહેસાણાઃ જિલ્લા મિત્ર મંડળ તેનું ઉત્તમ ઉદાહરણ હોવાથી તેની ભરપેટ પ્રસંશાકરી હતી. તેમને દર શનિવારે પોતાની સોસાયટીમાં એકત્ર થઇ સમૂહમાં પ્રાર્થના કરવા અપીલ કરી હતી. જેથી એકતાનો સંદેશ ફેલાવી શકાય.

નવી બનેલ કમિટીમાં પ્રમુખ તરીકે અરવિંદભાઈ પટેલ, પૂર્વ પ્રમુખ ભરતભાઈ પટેલ, ઉપપ્રમુખ મુકુંદભાઈ પટેલ, ચંદુભાઈ પટેલ, મંત્રી ફૂલચંદભાઈ પટેલ, સહમંત્રી તરીકે તુષાર પટેલ, હેતલ પટેલ, ખજાનચી તરીકે દિપેનભાઈ પટેલ, સહ ખજાનચી નીતિપટેલ, યોગેશ પટેલની વરણી કરવામાં આવી હતી. આ ઉપરાંત યુવા કમિટીની પણ રચના કરવામાં આવી હતી.

# નીલકંઠ ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા રક્તદાન શિબીરનું આયોજન





નીલકંઠ ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા તારીખ ૨૮ મી ડિસેમ્બરે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રક્તદાન શિબિરમાં ૬૭ યુનિટ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું. જેમાં અંકલેશ્વરની કુમારપાળ બ્લડ બેંક્રે સહયોગ આપ્યો હતો. આ રક્તદાન શિબિરમાં નીલકંઠ ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝની વિવિધ કંપનીઓના કર્મચારીઓ, સ્ટાફ અને મેનેજમેન્ટના સભ્યોએ ભાગ લીધો હતો. વિપુલભાઈ ગજેરાએ જણાવ્યું હતું કે આ રક્તદાન શિબીર સ્વ. રતન તાતાની જન્મજયંતી નિમિત્તે યોજવામાં આવી હતી.

Authorised Dealer:
FAIR TRADERS
CHASING EXCELLENCE, DELIVERING VALUE
G-8, Ground Floor, Asian Trade Centre, Asian Paint Chowkdi, GIDC, Ankleshwar- 393 002, Gujarat (India)
E-mail: fairtraders_ank@yahoo.co.in
Mob: +91 90335 77707
Mob: +91 98241 11510
SPITMAAN®
Sealflex™ Jointing Sheet
• Asbestos & Non Asbestos Gasket & Sheet • Spiral Wound Gasket • Teflon Products
• All Type of Packing • Expanded PTFE Products • PVC Gasket

# મહાકુંભમાં સંતોએ તૈયાર કરેલી હિન્દુ આચારસંહિતા લાગુ કરાશે

આ વખતે પ્રયાગરાજ ખાતે ભરાનાર મહાકુંભ મેળો પ્રાચીન અને અર્વાચીન અનેક રીતે મહત્ત્વનો અને અગત્યનો બની રહેવાનો છે. મહાકુંભમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) થી સજ્જ તંત્ર મહાકુંભની દેખરેખ રાખશે તો સૌથી પુરાતન સનાતન ધર્મને વધુ સાપેક્ષ કરવાના પ્રયાસો થઈ રહ્યા છે. ૨૫ થી ૨૭ જાન્યુઆરી વચ્ચે યોજાનારા મહાકુંભમાં બદલાયેલી પરિસ્થિતિઓ અને આધુનિક માળખામાં બંધબેસતા હિન્દુ સમાજ માટે ૩૫૦ પાનાંની હિન્દુ આચારસંહિતા પ્રસિદ્ધ કરાશે. કાશી વિદ્વત પરિષદ દ્વારા દેશના મોખરાના સંતોની મદદથી આ સંહિતા તૈયાર કરાઈ છે અને તેમાં દેશ અને બંધારણને સર્વોપરી ગણાવાયા છે. અને પૂજા કરવા માટે સંહિતામાં હિન્દુ ધર્મ છોડી જનાર માટે ધર્મ વાપસી ખૂબ સરળ કરી દેવાઈ છે. સમાજમાં ભેદભાવ દૂર કરવા માટે જ્ઞાતિ હીન સમાજની રચના પર ભાર મુકાયો છે. વિદ્વત પરિષદના રાષ્ટ્રીય મહામંત્રી અને બનારસ હિન્દુ યુનિવર્સિટી ધર્મશાસ્ત્ર વિભાગના પ્રો. રામ નયન દ્વિવેદીએ કહ્યું કે નવી સંહિતા એ સમયની માંગ છે. પરિષદે નવી સંહિતા માટે 'દેવલ સ્મૃતિ★ અને પરાશર સ્મૃતિ'નો આધાર લીધો છે. નવી સંહિતામાં પૂર્વ હિન્દુઓને ઘરવાપસી માટે ગંગાજળ અને તુલસીદલની સાથે મનથી હિન્દુ થવાનો સંકલ્પ જ પૂરતો ગણાવાયો છે. માતૃ અને પિતૃ ઋણ જેટલું જ મહત્ત્વ રાષ્ટ્રઋણને અપાયું છે. મંદિરોમાં બેસવા એકસરખા નિયમ બનાવાયા છે. મહિલાઓના વ્યાપાર અધિકારોને સ્વીકૃતિ અપાઈ છે. મૃત્યુ ભોજ માટે ઓછામાં ઓછા ૧૬ લોકોની સંખ્યા નક્કી કરાઈ છે.

૫ વર્ષના અભ્યાસ બાદ સંહિતા તૈયાર તૈયાર કરાઈ છે. જેમાં સંહિતામાં રાતને બદલે દિવસે લગ્ન કરવાનું સૂચન કરાયું છે. તમામ શંકરાચાર્યને નવી સંહિતાની નકલ મોકલીને મૌખિક સંમતિ પણ લેવાઈ છે. પરિષદે ૫ વર્ષના અભ્યાસ પછી સંહિતા તૈયાર કરી છે. તેમાં શ્રીમદ્ ભગવત ગીતા. રામાયણ, મહાભારત અને પુરાણોના અંશ પણ ઉમેરાયા છે.

# દહેજની જીએફએલ કંપનીના સીએમએસ પ્લાન્ટમાં વાલ્વ લીકેજની દુર્ઘટનામાં ૪ લોકોના મોત

દહેજની GFL કંપનીના ક્લોરો મીથાઈલ પ્લાન્ટમાં ૨૮ ડિસેમ્બર શનિવારે રાત્રે ગેસ ગળતરથી ૪ કામદારોના મોત થયા હતા, જ્યારે ૬ને ગંભીર અસર પહોંચી હતી

આ ઘટના અંગે પોલીસ ફરિયાદમાં જાહેર થયેલી વિગત મુજબ રાત્રે સાડા નવ આસપાસ જીએફએલ કંપનીના પ્રોડક્શન વિભાગમાં આવેલ ક્લોરો મિથેઈલ પ્લાન્ટમાં ગ્રાઉન્ડ ફ્લોરમાં આવેલી રીસાઈકલ કોલમ ટોપ કન્ડેન્સર પાઈપ લાઈન કે જેમાં મિથાઈલ ક્લોરાઈડ, CT ક્લોરોફોમ અને HCL વેપર નામના ગેસનું મિશ્રણ પસાર થાય છે, તેમાં બે ગેસ પાઈપલાઈનમાંથી ગેસ લીકેજ થતાં કંપનીમાં કામ કરતા કર્મચારીઓને ગેસ લાગતા તેઓને પ્રાથમિક સારવાર કંપનીના ઓ.એચ.સી ખાતે આપી વધુ સારવાર માટે ૭ એક્સ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ ખાતે લાવેલા હતા. જ્યા આ કામદારોને ICUમાં દાખલ કરેલા હતા. જ્યાં સારવાર દરમિયાન કર્મચારીઓને ડૉક્ટરે મૃત જાહેર કર્યાં હતા.

આ ઘટના અંગે જીએફએલ કંપનીના ડેપ્યુટી જનરલ મેનેજર જીગ્નેશ પરમારે જણાવ્યું હતું કે, કંપનીમાં એક દુઃખદ બનાવ બન્યો છે. જેમાં કંપનીના એક અને ત્રણ કોન્ટ્રાક્ટના કામદારોનું મૃત્યુ થયું છે, જે ઘણી દુ:ખદ ઘટના છે. કંપની તરફથી આ લોકોને હાલમાં ૨૫ લાખ વળતર રૂપે આપવાનું નક્કી કર્યું છે. વધુમાં વહીવટી તંત્ર દ્વારા જે નક્કી કરવામાં આવશે તે પ્રમાણે સહયોગ આપીને વળતર ચૂકવીશું. તપાસ માટે અમે પૂરો સહયોગ આપીશું. આ ઘટના કઈ રીતે બની તેને લઈને અમે પણ તપાસ હાથ ધરી દીધી છે.

ઘટનાના પગલે ૩૦મી ડિસેમ્બર સોમવારે કંપનીની મુલાકાત સાંસદ મનસુખ વસાવા અને વાગરા ધારાસભ્ય અરુણસિંહ રણાએ લીધી હતી. કંપની સંચાલકોને જરૂરી તાકીદ કરવા સાથે મૃતકોના પરિજનોને વળતરમાં વધુ ૧૦ લાખનો વધારો કર્યો હતો. ઘટનામાં ડાયરેક્ટર ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ વિભાગની ટીમે કંપનીમાં અન્ય ૪૩૪૮ કર્મચારીઓ ફરજ બજાવતા હોય તેઓના હિતને ધ્યાને લીધું છે. દુર્ઘટનાગ્રસ્ત ઝસ્જી પ્લાન્ટ એકને જ ક્લોઝરની તજવીજ હાથ ધરી છે. અત્યાર સુધીની તપાસમાં ક્લોરો મીથાઈલ પ્લાન્ટમાં બોનેટ વાલ્વ ફેલ થતા ઝેરી ગેસ લીકેજ થયો હતો. ચાર મૃતકો અને અન્ય ૬ ગેસની અસર પામેલા કામદારો નજીકમાં યુટીલીટીમાં હોવાથી પવનની દિશા તે તરફ હોય તેની અસર થઈ હતી.

DISH હાલ ટેક્નિકલ તપાસ ચલાવી રહી છે અને કારખાના એક્ટ હેઠળ બેદરકારી અને ૪ લોકોના મૃત્યુમાં GFL કંપની સામે ક્રિમિનલ કેસ પણ દાખલ કરવા તજવીજ હાથ ધરશે. બીજી તરફ GPCBની ટીમે પણ કંપનીની મુલાકાત લીધા બાદ હવે ૨ દિવસમાં પોતાનો રિપોર્ટ ગાંધીનગર આપશે. જે બાદ કંપની સામે નોટિસ ઓફ ડાયરેક્શન અને દંડનીય કાર્યવાહી થશે.


## મેઘમણી ક્રોપ ન્યુટ્રિશન લિમિટેડે HIL સાથે એમઓયુ પર હસ્તાક્ષર કર્યા

મેઘમણી ક્રોપ ન્યુટ્રિશન લિમિટેડે HIL (ઇન્ડિયા) લિમિટેડ સાથે ઐતિહાસિક ભાગીદારીની જાહેરાત કરી છે. તેઓએ સમજૂતીના મેમોરેન્ડમ (એમઓયુ) પર હસ્તાક્ષર કર્યા છે જે હેઠળ HIL સમગ્ર ભારતમાં HIL નેનો યુરિયા પ્લસ બ્રાન્ડ નામ હેઠળ નેનો યુરિયા પ્લસનું વેચાણ કરશે.

આ વ્યૂહાત્મક સહયોગ ટકાઉ કૃષિ પ્રત્યેની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવે છે અને ખેડૂતોને ઈકો-ફ્રેન્ડલી ખેતી પદ્ધતિઓને પ્રોત્સાહન આપતા નવીન ઉકેલો સાથે સશક્ત બનાવે છે.

પીએમ-પ્રણામના વિઝનને અનુરૂપ, મેઘમણી ટકાઉ ખેતીમાં ફાળો આપે છે અને રાસાયણિક ખાતરો પર નિર્ભરતા ઘટાડે છે. મેઘમણિનું નવીન નેનો યુરિયા પ્લસ સોલ્યુશન પર્યાવરણને પોષણ સાથે લાંબા ગાળાની ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવાના મિશનને સમર્થન આપે છે.

## નોટિફાઈડ એરિયા અને અંકલેશ્વર શહેર ભાજપના પ્રમુખોમાં યુવાઓની પસંદગી કરાઈ





અંકલેશ્વર શહેર ભાજપના પ્રમુખ તરીકે ધર્મેન્દ્ર પુષ્કરણાની વરણી નોટીફાઈડ એરિયાના પ્રમુખ તરીકે જય તેરૈયા ની વરણી કરવામાં આવી છે. કાર્યકરો દ્વારા અંકલેશ્વર શહેર અને નોટિફાઇડ એરીયા ભાજપના નવા પ્રમુખ ની વરણીની ઉજવણી કરવામાં આવી હતી. ટેકેદારોએ ફુલહાર કરી મીઠાઈ ખવડાવી ઉજવણી કરી હતી. ભરૂચ જિલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા સંગઠન પર્વ અંતર્ગત આઠ તાલુકા, ચાર નગર અને એક નોટિફાઈડ એરિયા પ્રમુખની વરણી કરી હતી.

જેમાં અંકલેશ્વર શહેર ભાજપ પ્રમુખ તરીકે પર્મેન્દ્ર પુષ્કરણા અને અંકલેશ્વર નોટિફાઇડ એરીયાના પ્રમુખ તરીકે જય તેરૈયા ની વરણી કરવામાં આવી છે. ત્યારે અંકલેશ્વર શહેરમાં આવેલા ભાજપના કાર્યાલય ખાતે ઉજવણી કરવામાં આવી હતી. આગેવાનો અને ટેકેદારોએ અંકલેશ્વર શહેર ભાજપના નવનિયુક્ત પ્રમુખ ધર્મેન્દ્ર પુષ્કરણાને ફુલહાર કરી મીઠાઈ ખવડાવી ઉજવણી કરી હતી.આ પ્રસંગે અંકલેશ્વર નગર સેવા સદનના પ્રમુખ લલિતા રાજપુરોહિત, ઉપ પ્રમુખ ભાવેશ કાયસ્થ, પૂર્વ પ્રમુખ નરેન્દ્ર પટેલ સહિતના આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આ તરફ અંકલેશ્વર નોટિફાઈડ એરિયાના નવનિયુક્ત પ્રમુખ જય તેરૈયા સરદાર પાર્ક ખાતે ફુલહાર કરી મીઠાઈ ખવડાવી ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે ભાજપના આગેવાન જશુ ચૌધરી સહિતના આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. અંકલેશ્વરમાં બંને યુવાનોને ભાજપનું સુકાન સોંપવામાં આવ્યું છે.



# ધરતી આપણી માતા છે, તેની સાથે રમત ના કરો, આવનાર પેઢી માટે સારું મૂકીને જાઓ : બાબુભાઈ પટેલ



નંદેસરીનું નામ પડે એટલે સૌના મુખે બાબુકાકાનું નામ અવશ્ય આવે. અત્યારે તેઓ ૮૬ વર્ષના છે. પરંતુ પૂર્ણ સમય કાર્ય કરે છે. તેમનું સ્વાસ્થ્ય યુવાનોને શરમાવે તેવું છે. ખૂબ જ લાંબી કારકિર્દી અને તેમાં પણ નંદેસરી ઈન્ડસ્ટ્રીઝ અસોસિએશનના પ્રમુખ પદે લાંબા સમય સુધી રહ્યા. તેઓ ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝએસોસિએશનના પ્રમુખપદેપણ રહી ચૂક્યા છે. તેમણે વર્ષ૧૯૬૨માં બોમ્બે યુનિવર્સિટીમાંથી એમ .એસ .સી. ઓર્ગેનિક કેમેસ્ટ્રી કરેલ છે. ખાસ તો પર્યાવરણને લગતા પ્રોજેક્ટમાં તેમને ખૂબ રસ છે અને તેઓ ટેકનીકલી સારું જ્ઞાન ધરાવતા હોવાથી તેમજ ખૂબજ લાંબા અનુભવને લઈને અનેક લોકો તેમની સલાહ લેવા માટે આવે છે અને તેમની સલાહને અનુસરે છે.

આજથી બે વર્ષ પહેલા અર્થ ડે હતો ત્યારે વિશ્વકર્માંમાં મોમેન્ટો આપતા બાબુભાઇ પટેલે હતું કે ‘‘ધરતી આપણી માતા છે, તેની સાથે રમત ના કરો, તમે તેની જોડે રમત કરશો તો તમારી પાછળ જે જનરેશન (પેઢી) આવશે તેને માટે તમે શું મૂકીને જશો. તે તમને શું કહેશે?’’

આમેય હિન્દૂ શાસ્ત્રોમાં ધરતીને માતા કહી છે અને સવારે ઉઠીને ધરતી ઉપર પગ મુકતા પહેલા ‘‘મહાસાગર વાસને દેવી પર્વત સ્તનો મંડિતે, વિષ્ણુની પત્ની નમસ્તેભ્યં પાદ સ્પર્શ ક્ષમશ્વમેવ‘‘ શ્લોક બોલાય છે. એટલેકે હે ધરતીમાતા હું તારી ઉપર પગ મૂકી રહ્યો છું મને માફ કરજે.

જ્યાં ધરતીમાતાને આટલી પવિત્ર સ્થાન આપ્યું હોય તેને આપણે અપવિત્ર કેવી રીતે કરી શકીએ.

કોઈ પણ પ્રોડક્ટ બનાવવી બહુ મોટી વાત નથી, કોઈ કંપનીનો કેમીસ્ટ કે પ્રોડક્શન મેનેજર ઉઠાવીને પ્રોડક્ટ બનાવી શકાય છે,પરંતુ તેવું કરતા પહેલા તેને પૂછવું જોઈએ કે તને આ પ્રોડક્ટ બનાવતી વખતે નીકળનાર હેઝાર્ડસ વેસ્ટની ટ્રીટમેન્ટ કરતા આવડે છે. આ બહુ જરૂરી છે. નહીંતર ફસાઈ જવાની સંભાવના છે. આજકાલ કાયદા બહુ કડક છે અને દિવસે દિવસે કડક બનતા જઈ રહ્યા છે.

હવે તો એફલુઅન્ટને ટ્રીટ કરીને ડીપ સી (ઊંડા દરિયામાં) માં નાખવા માટે દબાણ કરવામાં આવે છે. વડોદરાના એફલુઅન્ટને ડીપ સી (ઊંડા દરિયામાં) માં નાખવા માટેના પ્રોજેક્ટ માટેના રૂપિયા GPCB અને એફલુઅન્ટ ચેનલ પ્રોજેક્ટ લીમીટેડ પાસે પડ્યા છે, પરંતુ આગળ કોઈ કાર્યવાહી થતી નથી. કલ્પસર યોજનાની વાત કરીને પ્રોજેક્ટ અટકાવી રાખ્યો છે. આવી વાત અમદાવાદ, નરોડા, વટવાના એફલુઅન્ટ પાઈપલાઈન પ્રોજેક્ટની પણ છે. તેમનો પ્રોજેક્ટ પણ કલ્પસરના બહાના નીચે અટકેલ છે. જેતપુરનો પ્રોજેક્ટ આગળ વધ્યો.

કલ્પસર યોજના ક્યાં આવવાની છે અને કેવી રીતે આવવાની છે તે સૌને ખબર છે તો પછી તે પ્રમાણે આયોજન કરવું જોઈએ અને પ્રોજેક્ટને આગળ ધપાવવો જોઈએ. કલ્પસર યોજના અમલમાં મુકતા અને તેને પૂર્ણ કરતા કેટલા વર્ષોનો સમય લાગશે ત્યાં સુધી બધું અટકાવેલું થોડું રાખી શકાય?

દરિયામાં એફલુએન્ટના નિકાલ માટે પહેલા 250 COD ની છૂટ હતી તે વધારીને 500 COD કરવામાં આવી.

દરિયામાં ડાઈલ્યુશન થતું હોવાથી 1000 COD સુધીનું એફલુઅન્ટ છોડવા માટેની મંજૂરી માગી છે. અંક્લેશ્વરને હંગામી ધોરણે પરવાનગી આપવામાં આવી છે. તેનું આગળ શું થાય છે તેની ઉપર આધાર છે. જ્યાં ડિસ્ચાર્જ થાય છે ત્યાં તાત્કાલીક કેટલું ડાઈલ્યુશન થાય છે તેની ઉપર સૌનો આધાર છે. સેમ્પલના પરિણામ કેવા આવે છે અને તેના આધારે શું નિર્ણય લેવાય છે તેની ઉપર આધાર છે. જો આ મંજરી મળશે તો સૌને ફાયદો થશે. તમે દરિયામાં જેટલી ઊંડી લાઈન લઈ જશો તેટલી વધારે છૂટ મળશે.

સોલિડ વેસ્ટ સાઈડો ઉપર સ્પ્રે ડ્રાયર દ્વારા એટલેકે ફક્ત પાણી ઉડાડીને સૉલિડને ઘન સ્વરૂપમાં લાવીને સોલિડ વેસ્ટસાઈટ ઉપર તેનો નિકાલ કરવામાં આવે છે.આ પ્રક્રિયામાં ફક્ત તેને ફક્ત પ્રવાહી સ્વરૂપમાંથી ઘન સ્વરૂપમાં બદલવામાં આવે છે. તેની ઉપર કોઈ ટ્રીટમેન્ટ કરવામાં આવતી નથી. પરંતુ વરસાદની ઋતુમાં પાણી ભળતા તેની મૂળ સ્થિતિમાં આવી જવાની સંભાવના છે. આવું પાણી ભૂગર્ભ જળને બગાડે છે. અત્યારે ગુજરાતની ભૂગર્ભજળની સ્થિતી દિવસે દિવસે બગડતી જઈ રહી છે. તે ખૂબ મોટો ચિંતાનો વિષય છે.

ઈન્ડસ્ટીઝ માટે પાણીનો પ્રશ્ન વિકટ બની રહ્યો છે. વધતી ઈન્ડસ્ટ્રીઝને પાણી કઈ રીતે પૂરું પાડવું તે પણ એક પ્રશ્ન છે. એફલુઅન્ટના પાણીને ટ્રીટ કરીને ફરી કેમ ના વાપરી શકાય તેની ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે. જેમાં COD અને BOD ઓછા કરી શક્યા છીએ પરંતુ TDS વધી જાય છે. કેલ્શિયમ ક્લોરાઈડઅને મેગ્નેશિયમ ક્લોરાઈડ વધે છે. તેને મેમ્બરેન દ્વારા ટ્રીટ કરી દૂર કરી શકાય છે. તેની ઉપર કામ ચાલી રહ્યું છે. જો આ કામ સફળ થશે તો બધાને તેનો લાભ મળશે.

કોઈ કંપની પર્યાવરણના નિયમોનું ગંભીર રીતે ઉલ્લંઘન કરે તો જીપીસીબી દ્વારા કંપનીઓ પાસેથી એન્વાયરમેન્ટ ડેમેજ કમ્પેન્સેશન (EDC ) લેવામાં આવે છે. તે રકમ ૨૫ લાખ, ૫૦ લાખ અને ૧ કરોડ રૂપિયા હોય છે. આ રકમ GPCB લે છે પરંતુ તે મૂકી રખાય છે તેનો ઉપયોગ નથી કરાતો. વાસ્તવમાં તેનો ઉપયોગ જે જગ્યાના પર્યાવરણને નુકસાન થયું હોય તેના પુનસ્થાપન માટે કરવાનો હોય છે કે પછી તે વિસ્તારના પર્યાવરણ રક્ષા માટે કરવાનો હોય છે. આ માટે GPCB ને પત્ર લખીને આ માટે ઘટતું કરવાની માંગ કરવામાં આવી છે.બહુ મોટી રકમ પડી રહી છે તેનો પર્યાવરણ સુધારવા હકારાત્મક ઉપયોગ કરવા આયોજન કરવું જોઈએ.

ગુજરાતમાં કેમિકલ ઈન્ડસ્ટ્રીઝનું પ્રમાણ વધારે છે, તેથી પર્યાવરણ રક્ષા પર વિશેષ ધ્યાન આપવાની જરૂર છે. હવે ઈન્ડસ્ટ્રીઝને વધારે વિકસાવવી હશે તો પર્યાવરણ ઉપર કામ કરવું જ પડશે. નહીંતર બીજી અને ત્રીજી પેઢી કામ નહિ કરી શકે. દરિયાના પાણીને શુદ્ધ કરીને તેના ઉપયોગ પર વિચારવું પડશે. તે દિશામાં કામ ચાલુ થઈ ગયા છે.

હવે તો સોસયટીમાંથી નીકળતા સૂએઝના પાણીને સોસાયટી માટે નક્કી થયેલ પેરામીટર સુધી ટ્રીટ કરીને છોડવાની વાત પણ આવી છે. જેમાં કંપનીઓની જેમ સોસાયટીઓએ પણ નોર્મ્સ પાડવા પડશે અને પછી તેનું સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં ટ્રીટ કરવામાં આવશે. પરિસ્થિતી બગડતી જશે તેમ ટ્રીટમેન્ટના નોર્મ્સ પણ કડક થતા જશે. આ રીતે ટ્રીટ થયેલ પાણી ઈન્ડસ્ટ્રીઝને આપવામાં આવશે.

સુએઝ ટ્રીટમેન્ટ થયેલું પાણી અમે 25MLD માગ્યું હતું. તેની સામે બે ટેક્નર ટ્રીટ કરીને ઈન્ડસ્ટ્રીઝમાં વાપર્યું. ઈન્ડસ્ટ્રીઝને તેની ખબર સુદ્ધા ના પડી કે આ ઓરીજનલ પાણી છે કે ટ્રીટ કરેલ પાણી છે. જો કે આ આ પાણી પીવાલાયક બનાવીએ છીએ પરંતુ પીવીની પરવાનગી આપતા નથી.

હવે દરિયાના પાણીને ટ્રીટ કરીને ઈન્ડસ્ટ્રીઝમાં વાપરવાનું પણ શરુ કરાયું છે. તેવા પ્લાન્ટ પણ કાર્યરત કરાઈ રહ્યા છે. ઈન્ડસ્ટ્રીઝની પાણીની માંગને પહોંચી વળવા માટે આ બધા પગલાં લેવા જરૂરી બની ગયા છે.

પહેલા જયારે ૭૦-૮૦ ના દશકામાં નંદેસરી એસ્ટેટની સ્થાપના કરવામાં આવી હતી ત્યારે તેને રહેણાંક વિસ્તારથી ખુબ દૂર પસંદગી કરવામાં આવી હતી. તે વડોદરાથી ૨૦ કિલોમીટર દૂર હતું. અમે ટ્રેનમાં બેસીને બાજવા આવતા અને ત્યાંથી ચાલીને નંદેસરી આવતા હતા. ત્યારે કોઈ સાધન વ્યવસ્થા પણ ન હતી. રહેણાંક વિસ્તારથી તે ખુબ દૂર હતું. આ તો સમય જતા સ્થિતિ બદલાઈ અને લોકો આસપાસ રહેવા માટે આવવા લાગ્યા અને વસ્તી વધતી ગઈ. પ્રદૂષણના પ્રશ્નો આવવા મંડ્યા.

કેમિકલ એસ્ટેટ એવી જગ્યાએ સ્થાપવું જોઈએ કે તેની નજીક રહેણાંક વિસ્તાર ન હોય. આ બાબતની ખાસ કાળજી લેવી જોઈએ. ત્યારપછી પણ નજીકમાં રહેણાંક વિસ્તારને મંજૂરી ના આપવી જોઈએ.

હવે તો હેઝાર્ડસ સોલિડ વેસ્ટની સાઈટ સ્થાપવી હોય તો પણ પ્લાન્ટની આસપાસની ૫૦૦ મીટર જગ્યા કંપનીએ પોતાની માલિકીની કરવાની રહે છે. તેમજ તેમાં સરકારના ધારાધોરણ મુજબ ગ્રીન બેલ્ટ તૈયાર કરવો ફરજીયાત છે. જો કે કંપનીઓ તેનું પાલન કરે છે કે નહિ તે જોવું રહ્યું. આપણી પાછલી પેઢી માટે કંઈક છોડવું હશે તો આ બધા નિયમોનું કડક પાલન કરાવવું પડશે.


PERFECT SCALE
SINCE - 1988
Govt. Approved
PERFECT SCALE
SALES & SERVICE
AN ISO 9001 : 2015 CERTIFIED COMPANY
One Stop Solution for All Types of Electronic Balances & Weighing Automation
12, Bhavesh Shopping Centre, Behind Hotel Royal Palace, Near Railway Station, GIDC, Ankleshwar - 393 002.
Ph. : 02646 253759 • M. : 98241 12531 • Email : sales@perfectscale.in, perfect.scale@yahoo.com • Web : www.perfectscale.in

samarth.mhas@gmail.com
www.samarthmhe.com
Prakash Bhut
78749 41886
Samarth
Material Handling Equipment
M-1, Plot No: 311/83, Rajat Pharma, Opp. Zydus Cadila (Unit-1), GIDC, Ankleshwar - 393 002

II कौशल्यं श्रेष्ठबलं तदैव राष्ट्रस्य उत्थानकारणम् I
HMP
VOCATIONAL TRAINING INSTITUTE
Govt, Approved "SKILL INDIA,"
Affiliated, through E.V.I.
"SKILL INDIA"- CERTIFICATE IS VALID FOR GOVT. JOB, ALSO.
[SUPPORTED & GUIDANCE BY – L&T]
ADMISSION OPEN

| Sr No | TRADE | QUALIFICATION | AGE LIMIT |
|---|---|---|---|
| {1} | AOCP | Std.12,or ITI/ Dip. Pass/Fail | 16 to 30 years |
| {2} | ELECTRICIAN | Std.10, pass. or ITI/DEE/Pass/Fail | 16 to 30 years |
| {3} | FITTER | Std.9, pass or ITI/DME/Pass/Fail | 16 to 30 years |

CONTACT:- PRINCIPAL HMP VTI - KHAROD.- MOB. No.9687810005/6355217329
..NH-8, - GIDC Panoli, Kharod, Nr. Public school...

T. R. ASSOCIATES
T. R. ASSOCIATES AND ENVIRONMENT PVT. PTD.
Formerly Known as (T.R. ASSOCIATES)
Environment Consultant (NABET Consultant)
Environmental Clearance (MoEF & CC/SEAC)
Environmental Impact Assessment Report Preparation
NABL Approved Testing Laboratory (Air/Water/Soil/Noise)
T. R. Patel (Director) +91 98253 71099
Malav Dalwadi (CEO) +91 92658 26814
E-mail: adm.trassociates@gmail.com
A-401, S.G. Business Hub, Between Sola Bhagwat & Gota Overbridge, S.G. Highway, Ahmedabad

Sahebrao G. Fand
Mo: 98980 56462, 92275 56462
VISHAL TILES & MARBLE CO.
Plot No. 7320, G.I.D.C., Karmatur Chokdi, Ankleshwar - 393 002.
RAINBOW GALICHA TILES & CHIPS IND.
Plot No. 731/9, G.I.D.C., Karmatur Chokdi, B/h. Vishal Tiles, Ankleshwar - 393 002.
Manufactures & Contractors For All Kinds of Galicha, Plain, Mosaic, Terrezo & Composed Marble Tiles, Rubber MouldPaver & Chequred Tiles Etc.

SOUTH INDIA ROADWAYS ANK.
TRANSPORT CONTRACTOR & COMMISSION AGENT
KAUSHIK PACKERS & MOVERS
Add: R-15, Bhavana Farm, Rajpipla Road, Ankleshwar- 393 002
E-mail: kaushik.vapi@gmail.com, Web: www.kaushikpackersandmovers.in
Customer Care: 02646 312288
98244 21113 93779 61211
98245 02113 93740 26633
SERVICE
TRANSPORTATION, PACKING, UNPACKING, LOADING, UNLOADING, INSURANCE, LOCAL SHIFTING, OFFICE SHIFTING, CAR CARRIER & ESCORT FACILITY ALL OVER INDIA
DOOR TO DOOR SERVICE
Specialist for: 20,32,40,feet Container Auto Carriers & ODC Suppliers for all over India

Munna Sing, Mob: 98244 86716
Manish singh, Mob: 98244 18777
FIDICON DEVICES INDIA PVT. LTD.
Manufacturer, Exporter & Service Provider of Process Control, Measuring Instrument & Safety Equipment
Plot No. 1706/12, Nr. Rajvi Cinema, GIDC., Ankleshwar - 393 002|Phone : 02646 - 222238 | Fax : 02646 - 223412
E-mail : sales@fidicondevices.com / fidicondevices@yahoo.com | Website : www.fidicondevices.com



માલિક : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ દ્વારા મુદ્રિત, પ્રકાશિત તેમજ સંપાદિત તથા ઈંકપોટ પબ્લિકેશન્સ પ્રાઈવેટ લીમીટેડ, ૫૩૦-૫૩૩, નરસિંહ એસ્ટેટ, લુબી જેલ એલ.એલ.પી. ની સામે , બસ સ્ટેન્ડની નજીક, ગામ: મંજુસર, તાલુકો: સાવલી, જિલ્લો: વડોદરા, ગુજરાત -૩૯૧૭૭૫ ખાતે મુદ્રિત કરી ઓમકાર-૨ કોમ્પ્લેક્સ, ટી.એફ.-૬૬, ત્રીજો માળ, લોર્ડ્સ પ્લાઝા હોટેલ નજીક, સ્ટેશન રોડ, જી.આઈ.ડી.સી.,અંકલેશ્વર, જિલ્લો : ભરૂચ , રાજ્ય :ગુજરાત -૩૯૩૦૦૨ ખાતેથી પ્રકાશિત કર્યું.
તંત્રી: જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ / EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL
PRINTED, PUBLISHED, OWNED & EDITED BY JITENDRAKUMAR BABALBHAI PATEL AND PRINTED AT INKPOT PUBLICATIONS PRIVATE LIMITED, 530-533, NARSINH ESTATE, OPP. LUBI GEL LLP, NEAR BUS STAND,VILLAGE: MANJUSAR, TALUKA: SAVLI, DIST: VODADARA, GUJARAT-391775 AND PUBLISHED AT OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR, DIST: BHARUCH, STATE: GUJARAT-393002

